# સુરતમાં વારંવાર બનતી ઔદ્યોગિક દુર્ઘટનાઓમાં તલસ્પર્શી તપાસ અને કાર્યવાહી કરવાની માંગ

**પલસાણા**, સચિન, પાંડેસરા, કડોદરા અને હજીરા સહિત અનેક ફેક્ટરીઓમાં સુરક્ષા, ફાયર સેફ્ટી અને પર્યાવરણના નિયમોના ઉલ્લંઘનનો દર્શન નાયકનો આક્ષેપ

સુરત, પલસાણા : સુરત શહેર અને જિલ્લામાં આવેલા ઔદ્યોગિક વિસ્તારોમાં વારંવાર બનતી દુર્ઘટનાઓને લઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ ગંભીર ચિંતાનો સ્વર ઉઠાવ્યો છે.

મહામંત્રી દર્શન નાયક દ્વારા જિલ્લા કલેક્ટર, પ્રાદેશિક પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, મ્યુનિસિપલ કમિશનર, સુડા ચેરમેન અને ફેક્ટરી ઇન્સ્પેક્ટરને સંયુક્ત આવેદન આપી તાત્કાલિક તપાસ તથા જવાબદાર સામે કડક કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી છે. તાજેતરમાં જ પલસાણા ખાતે આવેલી મિલમાં ડ્રમ વોશર ફાટતાં ૨૫ જેટલા કામદારો ગંભીર રીતે દાઝી ગયા હતા. જેમાંથી ૨ કામદારોનાં મોત નીપજ્યાં છે. આ બનાવ બાદ ફરી એકવાર સુરતના ઔદ્યોગિક વિસ્તારોમાં કામદારોની સુરક્ષા અંગેના પ્રશ્નો ઉઠ્યા છે.

આવેદનમાં ગત વર્ષે બનેલી દુર્ઘટનાનો ઉલ્લેખ કર્યો છે. 14 નવેમ્બર 2023 ના રોજ કિરણ ઈન્ડસ્ટ્રીઝમાં EFT પ્લાન્ટની ટાંકી સાફ કરવા ઉતારવામાં આવેલા 4 કામદારોનું શ્વાસ રૂંધાઈ જતાં મોત થયું હતું. એવી ટીકા પણ કરવામાં આવી છે. સુરતના પાંડેસરા, સચીન, ઉધના, કડોદરા, પલસાણા, કીમ, કોસંબા સહિતના ઔદ્યોગિક વિસ્તારોમાં અનેક એકમો બાંધકામ, ફાયર સેફ્ટી, કામદારોની સુરક્ષા અને પર્યાવરણના નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છે.

### તંત્રની બેદરકારીથી દુર્ઘટનાઓ વધી રહી છે

મહામંત્રી દર્શન નાયકે જણાવ્યું હતું કે ઔદ્યોગિક એકમોમાં દુર્ઘટનાઓ બનતી વખતે તંત્રના અધિકારીઓ દ્વારા યોગ્ય કાર્યવાહી થતી નથી. આ બેદરકારીને કારણે જ વારંવાર આવા બનાવો બનતા રહે છે. તેથી હવે માત્ર એકમો જ નહીં પરંતુ અધિકારીઓ સામે પણ દાખલો બેસે તેવી કાર્યવાહી થવી જરૂરી છે.

### ઔદ્યોગિક એકમો દ્વારા કરવામાં આવતાં ઉલ્લંઘનો

» બાંધકામ નિયમોનું ઉલ્લંઘનઃ ગેરકાયદેસર બાંધકામ, વેન્ટિલેશનનો અભાવ, ઇમરજન્સી એક્ઝિટનો અભાવ.
» ફાયર સેફ્ટીનો અભાવઃ NBC-2016 અને રાજ્ય સરકારનાં નિયમોનું પાલન ન કરવું, ફાયર એલાર્મ-સ્પ્રિંકલરની અછત, નિયમિત ડ્રિલ ન થવી.
» કામદારોની સુરક્ષાનો અભાવઃ PPE (ગ્લોવ્ઝ, માસ્ક, ગોગલ્સ) ન આપવું, ઝેરી વાયુઓનો ખતરો, હેલ્થ ચેક-અપ ન કરાવવું.
» પર્યાવરણ ઉલ્લંઘનઃ રસાયણિક કચરાનું સીધું નિકાલ, ETPનો અભાવ, ચીમનીમાંથી ઝેરી ધુમાડો.

### મુખ્ય માંગણીઓ

» તમામ ડાઈંગ મિલ્સ અને ફેક્ટરીઓમાં તાત્કાલિક તપાસ કરવામાં આવે.
» ગેરકાયદેસર બાંધકામો અને નિયમોના ઉલ્લંઘન કરનાર એકમો સામે કડક કાર્યવાહી કરી સીલ કરવા આવે.
» કામદારોની સુરક્ષા માટે નિયમિત તાલીમ અને નિરીક્ષણ કરવામાં આવે.
» પર્યાવરણ માટે ETP અને એર પોલ્યુશન કંટ્રોલ ડિવાઇસ ફરજિયાત બનાવવામાં આવે.
» પલસાણા અકસ્માતમાં અસરગ્રસ્તોને તાત્કાલિક નાણાકીય સહાય આપવામાં આવે.
» ફરજમાં બેદરકારી દાખવનારા અધિકારીઓ સામે પણ તપાસ કરી જવાબદારી નક્કી કરવામાં આવે.

### સંતોષ મિલનો સેફ્ટી વિભાગે પ્લાન્ટ બંધ કરાવી ક્લોઝર ફટકારી

સુરતઃ પલસાણા તાલુકાના જોળવા ગામે આવેલી સંતોષ ટેક્સટાઇલ મિલમાં બનેલી દુર્ઘટનાએ હાહાકાર મચાવ્યો છે. પ્રેશર વધતા કેમિકલ ભરેલું ડ્રમ ફાટતાં 2 શ્રમિકનાં મોત થયા છે, જ્યારે 22 શ્રમિકો ગંભીર રીતે દાઝી સારવાર લઈ રહ્યા છે. ઘટનાના પગલે ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગે કંપનીને તમામ પ્રકારનું ઉત્પાદન કાર્ય તાત્કાલિક બંધ રાખવાની ક્લોઝર નોટિસ આપી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે દુર્ઘટના સમયે સલામતીના પૂરતા પગલાં ભરવામાં આવ્યા નહોતા. ફેક્ટરી ઇન્સ્પેક્ટર બ્રિજેશ ચૌહાણે જણાવ્યું હતું કે ટેક્નિકલ પાસાઓની તપાસ ચાલુ છે અને સલામતીના ધોરણો પૂર્ણ ન થાય ત્યાં સુધી પ્લાન્ટ શરૂ કરવાની મંજૂરી અપાશે નહીં. કંપની હવે ફરીથી ઉત્પાદન શરૂ કરવા માંગશે તો તેને ફેક્ટરી એક્ટ-1948 મુજબ નવા લાઇસન્સ, સલામતીના પ્રમાણપત્રો અને પ્લાન્ટની યોગ્યતા સાબિત કરવી ફરજિયાત બનશે. આ ઉપરાંત ફેક્ટરી માલિક સામે કાયદેસર કાર્યવાહી કરવા માટે પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવશે.

# વિધાનસભાના ચોમાસુ સત્રમાં ૫ સુધારા વિધેયક રજૂ કરાશે

**ઓપરેશન** સિંદૂર માટે કેન્દ્ર સરકારને અભિનંદન આપતો રાજકીય પ્રસ્તાવ લાવવામાં આવશે

ગાંધીનગર : રાજ્યમાં આગામી તા. ૮ થી ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન ૧૫મી ગુજરાત વિધાનસભાનું સાતમું અને ચોમાસુ સત્ર યોજાશે.

તા. 8 મી ના રોજ સત્રની શરૂઆત પ્રશ્નોતરીથી થશે ત્યારબાદ સમગ્ર દિવસ દરમિયાન શોકદર્શક પ્રસ્તાવો પર ચર્ચા તશે. ત્યારબાદ ગૃહ મુલતવી રાખવામાં આવશે.

તા. ૯ અને ૧૦ ના રોજ વિધાનસભામાં પ્રશ્નોતરી અને અન્ય કામકાજ ઉપરાંત પાંચ વિધેયક રજૂ કરાશે.

ઓપરેશન સિંદુરની સફળતાના પગલે આ સત્ર દરમિયાન સીએમ ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા અભિનંદન પ્રસ્તાવ લાવવામાં આવશે.

### આ પાંચ સુધારા વિધેયક રજૂ કરવામાં આવશે

(1) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનું 'કારખાના (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૫' (2) નાણા વિભાગનું 'ગુજરાત માલ અને સેવા કર (દ્વીતીય સુધારા) વિધેયક, ૨૦૨૫' (3) ઉદ્યોગ અને ખાણ વિભાગનું 'ગુજરાત જનવિશ્વાસ (જોગવાઇઓના સુધારા) વિધેયક ૨૦૨૫' (4) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું 'ગુજરાત વૈદ્યક વ્યવસાયીઓનું (સુધારા) વિધેયક, ૨૦૨૫' (5) 'ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયક, ૨૦૨૫'

## ટેકાના ભાવે ખરીદીની નોંધણી માટેનું પોર્ટલ પુનઃ કાર્યરત કરાયું

ગાંધીનગર : ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી માટેની નોંધણી શરૂ થયા બાદ પોર્ટલ ક્રેશ થયું હતું. પોર્ટલ ક્રેશ થવા પાછળનું કારણ અંગે મળતી માહિતી મુજબ , ગત વર્ષે નોંધણી શરૂ થયા બાદ એક જ દિવસમાં ૪,૫૦૦ VCE લૉગિન થયા હતા અને અંદાજે ૫૯,૦૦૦ નોંધણી પૂર્ણ થઈ હતી. આ વર્ષે નોંધણીના પ્રથમ દિવસે જ એક સાથે ૯,૦૦૦ VCE લૉગિન થયા હતા. જેથી ગત વર્ષની સરખામણીએ લોડમાં ૧૦૦ ટકા એટલે કે બમણો વધારો થતા આ પોર્ટલ ક્રેશ થયું હતું. અચાનક વધી ગયેલા લોડથી સિસ્ટમ ક્રેશ થયા બાદ પોર્ટલની ક્ષમતા વધારીને તેને બીજા જ દિવસે સવારથી પુનઃ કાર્યરત કરવામાં આવ્યું હતું. કૃષિ મંત્રી રાઘવજી પટેલે કહ્યું હતું કે પોર્ટલની ક્ષમતા વધાર્યા બાદ હાલમાં ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર સરળતાપૂર્વક નોંધણી પ્રક્રિયા ચાલી રહી છે.

# પીજી પ્રવેશ માટે જીકાસ પર અંતિમ તબક્કો શરૂ

**માત્ર** બે દિવસનો મોકો, નવા રજિસ્ટ્રેશન અને ચોઈસ સુધારવાની છેલ્લી તક

સુરતઃ રાજ્યની વિવિધ સરકારી યુનિવર્સિટીઓમાં પોસ્ટ ગ્રેજ્યુએશન (PG)માં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે હવે અંતિમ તક આવી પહોંચી છે. જીકાસ (GCAS) પોર્ટલ દ્વારા પ્રવેશ પ્રક્રિયાનો છઠ્ઠો અને અંતિમ તબક્કો આજે શરૂ થયો છે. આ તબક્કો માત્ર બે દિવસ, એટલે કે 5 અને 6 સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે.

આ તબક્કામાં વિદ્યાર્થીઓ નવા રજિસ્ટ્રેશન કરી શકશે. ઉપરાંત, જેમણે અગાઉ અરજી કરી હોવા છતાં પ્રવેશ કન્ફર્મ ન કરાવ્યો હોય અથવા પ્રવેશ રદ કરાવ્યો હોય તેવા વિદ્યાર્થીઓને અરજીમાં સુધારો કે ચોઈસ બદલવાની પણ તક મળશે. અરજી વેરિફિકેશન અધૂરી રહેલી હોય તેવા ઉમેદવારોએ 6 સપ્ટેમ્બર સુધીમાં કોલેજ ખાતે જઈ પોતાની અરજી વેરિફાઈ કરાવવી ફરજિયાત રહેશે. અરજી વેરિફિકેશન પૂર્ણ થયા બાદ 9થી 12 સપ્ટેમ્બર દરમિયાન દરરોજ રાઉન્ડ જાહેર કરવામાં આવશે. રાઉન્ડ જાહેર થતાં જ વિદ્યાર્થીઓને ઓફર લેટર આપવામાં આવશે, જે માત્ર તે જ દિવસે માન્ય ગણાશે. ઓફર લેટર મળ્યા બાદ ઉમેદવારોએ પોતાના ઓરિજનલ ડોક્યુમેન્ટ સાથે સંબંધીત કોલેજમાં હાજર રહી પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે.

જીકાસ દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે છઠ્ઠો તબક્કો પૂર્ણ થયા બાદ કોઈ વધારાની પ્રવેશ પ્રક્રિયા કે રાઉન્ડ યોજાશે નહીં. એટલે કે, પીજી કોર્સમાં પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓએ આ અંતિમ તક ગુમાવવી નહીં.

# અમેરિકન ટેરિફની અસર ઓછી કરવા સુરત SEZથી બ્રિટનમાં એક્સપોર્ટ વધારવા હિલચાલ

**સુરત** SEZના ડેવલપમેન્ટ કમિશનરે 100 જેટલા નિકાસકારો સાથે બેઠક યોજી

**ટેક્સટાઇલ**, ફાર્મા, હીરા-ઝવેરાત, મેડિકલ સાધનો, ફૂટવેર, એન્જિનિયરિંગ, પ્લાસ્ટિકનો એક્સપોર્ટ વધારવા ટેક્નિકલ સમજ અપાઈ

સુરતઃ 50% અમેરિકન ટેરિફ લાગ્યા પછી 100% એક્સપોર્ટ ઓરિએન્ટેડ યુનિટ ધરાવતા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન દ્વારા ભારતે જે દેશો સાથે ફોરેન ટ્રેડ એગ્રીમેન્ટ કર્યા છે, એ દેશમાં એક્સપોર્ટ વધારવા પ્રયાસ કરવામાં આવી રહ્યાં છે. સચિન સ્થિત સુરત SEZ ના ડેવલપમેન્ટ કમિશનર કાર્યાલય દ્વારા આજે સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ) માં ભારતના નવીનતમ મુક્ત વેપાર કરાર (FTA) એટલે કે ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરાર (CETA) પર ચર્ચા સત્ર યોજવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય હિતધારકો/ યુનિટ ધારકો/ ઉદ્યોગસાહસિકોને વિકસતા વેપાર પરિદૃશ્ય વિશે શિક્ષિત કરવાનો અને SEZ એકમો માટે તકો પ્રકાશિત કરવાનો હતો. આ સેમિનારમાં આશરે 100 જેટલા એકમોના નિકાસકારોએ હાજરી આપી હતી. વિકાસ કમિશનરના કાર્યાલયના અધિકારીઓ દ્વારા ભારતના તાજેતરના FTA વિકાસ, ખાસ કરીને ઓસ્ટ્રેલિયા, UAE, EFTA અને બ્રિટન સાથેના વિકાસની ઝાંખી રજૂ કરવામાં આવી છે, જેમાં SEZ-આધારિત નિકાસકારો અને ઉત્પાદકો માટે આ કરારોની અસરોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. નવા FTA હેઠળ પાલન, પ્રમાણપત્ર અને બજાર એક્સેસ અંગે જાગૃતિને પ્રોત્સાહન આપવા માટે ભારતીય એક્ઝિમ વેપાર માટે ભારત-યુકે CETA માંથી બહાર આવતા ફાયદાઓ વિશે કાર્યક્રમો યોજવામાં આવશે. વિકાસ કમિશનરે વૈશ્વિક વેપાર સ્પર્ધાત્મકતા વધારવામાં FTA ના વ્યૂહાત્મક મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. ભારત-યુકે FTA પર વિગતવાર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું જેમાં ટેક્સટાઈલ, ફાર્માસ્યુટિકલ્સ, એન્જિનિયરિંગ, ચામડું, ફૂટવેર, હીરા અને ઝવેરાત, ફાર્માસ્યુટિકલ્સ, રસાયણો, પ્લાસ્ટિક, તબીબી ઉપકરણો અને અન્ય વિવિધ ક્ષેત્રો માટે ટેરિફમાં ઘટાડો, ડબલ કોન્ટ્રિબ્યુશન કન્વેન્શનથી લાભ અને ભારતીય સેવાઓ માટે UK બજારમાં વધુ સારી પહોંચ વિશે સમજ આપવામાં આવી હતી.

# આજથી હજીરા રૂટની 1 અને મોરા રૂટની 2 નવી એસ.ટી. બસ સેવાનો પ્રારંભ

**હજીરા** વિસ્તારના ગ્રામીણો અને કંપનીઓમાં કામ કરતા કામદારોને અડાજણ-સ્ટેશન સાથે જોડતી વધારાની બસ સેવાનો લાભ મળશે

સુરતઃ આવતીકાલથી હજીરા રૂટની 1 અને મોરા રૂટની 2 નવી એસ.ટી. બસ સેવાનો પ્રારંભ થશે. હજીરા વિસ્તારના ગ્રામીણો અને કંપનીઓમાં કામ કરતાં કામદારોને અડાજણ- સ્ટેશન સાથે જોડતી વધારાની બસ સેવાનો લાભ મળશે. ભારત સરકારના કેન્દ્રીય જળ શક્તિ મંત્રી અને ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ સી.આર. પાટીલ, ગુજરાત સરકારના વાહન વ્યવહાર વિભાગના મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ચોર્યાસી તાલુકામાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની મોરા રૂટની- 2 અને હજીરા રૂટની- 1 (કુલ- 3) નવીન બસનો લોકાર્પણ સમારોહ ચોર્યાસીના ધારાસભ્ય સંદિપ દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાશે. ધારાભ્યના હસ્તે ત્રણે નવી બસને લીલી ઝંડી આપી શુભારંભ કરવામાં આવશે

આ પ્રસંગમા ચોર્યાસી તાલુકા પંચાયતના પ્રમુખ તૃપ્તિબેન પટેલ, સુરત જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ અશોકભાઈ રાઠોડ, સુરત જિલ્લા ભાજપના મહામંત્રી કિશનભાઈ પટેલ, ચોર્યાસી તાલુકા ભાજપ પ્રમુખ હાર્દિક પટેલ, મહામંત્રી,રમેશભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ મહામંત્રી, ચોર્યાસી વિધાનસભામાં સમાવિષ્ટ સુરત જિલ્લા, ચોર્યાસી તાલુકાના હોદ્દેદાર, કારોબારી સભ્ય, મંડલના હોદ્દેદારો- કારોબારી સભ્યો, પ્રભારીઓ, સરપંચો, ઉપસ્થિત રહેશે.

# ઉધના સ્ટેશને DRMનું નિરીક્ષણ, ખામીઓ દૂર કરવા કોન્ટ્રાક્ટર, અધિકારીઓને આદેશ આપ્યા

**દિવ્યાંગ** મુસાફરો માટે સુવિધા વધારવા, વીજ તાર તાત્કાલિક હટાવવા તેમજ સફાઈ-વ્યવસ્થા જાળવવા કડક ચેતવણી આપી

**DRM** પંકજસિંહની મુસાફરો માટે આવન-જાવનની સુવિધા વધુ સરળ બનાવવાની સૂચના

સુરતઃ પશ્ચિમ રેલવેના મુંબઈ મંડળના DRM પંકજસિંહે ઉધના રેલવે સ્ટેશનનો મંગળવારે નિરીક્ષણ કર્યું હતું. તાજેતરમાં જ પ્લેટફોર્મ નં.1 નું પુનર્વિકાસ કાર્ય પૂર્ણ થતાં 3 સપ્ટેમ્બરથી અહીં ટ્રેનોના ઠેરાવ ફરી શરૂ કરવામાં આવ્યા છે. DRMના નિરીક્ષણ દરમિયાન ઘણી ખામીઓ સામે આવતા તેમણે કોન્ટ્રાક્ટરને અને સ્થાનિક અધિકારીઓને કડક સૂચનો આપ્યા હતા.

DRMએ નવા ટોયલેટ બ્લોકની બાજુમાં લગાવાયેલા વાયર જોઈ નારાજગી વ્યક્ત કરી અને તાત્કાલિક સુધારા કરવાની સૂચના આપી. ખાસ કરીને દિવ્યાંગ યાત્રીઓ માટે વધુ સુવિધાઓ ઊભી કરવા માટે પણ આદેશ આપ્યા હતા. તેમણે તાત્કાલિક હોલ્ડિંગ એરિયાનો પણ અભ્યાસ કર્યો. અહીં કરંટ ટિકિટ બુકિંગ ઓફિસ તરફ જવા માટેની વચ્ચેની દિવાલ દૂર કરવાનો આદેશ આપી, દિવાળી દરમિયાન મુસાફરોને સુવિધા મળે તે માટે જરૂરી ફેરફાર કરવા જણાવ્યું હતું.

સ્ટેશન પર આરપીએફ ઓફિસની નજીક ઊભેલા જપ્ત વાહનો હટાવવા, શૌચાલય ઉપર લટકતા વીજ તાર તાત્કાલિક હટાવવા તેમજ સફાઈ-વ્યવસ્થા જાળવવા કડક ચેતવણી આપી હતી. DRM પંકજસિંહે પ્લેટફોર્મ નં.6 ની ઊંચાઈ વધારવાના કામનું પણ નિરીક્ષણ કર્યું અને મુસાફરો માટે આવન-જાવનની સુવિધા વધુ સરળ બનાવવાની સૂચના આપી હતી.

નર્મદા અને વડોદરા જિલ્લાના કાંઠા વિસ્તારોને સાવધ રહેવા આદેશ

# નર્મદા ડેમમાંથી આજે સવારે 3.45 લાખ ક્યુસેક પાણી છોડાશે : પૂરની સંભાવના

**ડેમની** મહત્તમ સપાટી 138.68 મીટર છે અને હાલ ડેમની સપાટી 135.38 મીટરે પહોંચી



(પ્રતિનિધી) વડોદરા,તા.3

પાણીની આવકમાં વધારાની શક્યતાઓને જોતા રાત્રે 10 કલાકેથી સરદાર સરોવર નર્મદા નદીમાં ગેટ અને પાવર હાઉસ માંથી મહત્તમ 1,95,000 ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. આ જાહેરાતને પગલે નર્મદા વડોદરા અને ભરૂચ જિલ્લાના કાંઠા વિસ્તારોની સાવધ રહેવા એલટ અપાયું છે. જ્યારે ત્રણેય જિલ્લા કલેકટરોને સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા જાણ કરવામાં આવી હતી.

નર્મદા નદીમાં ગેટ અને પાવર હાઉસ માંથી આજે સવારે 6 કલાકેથી મહત્તમ 3,45,000 પાણી છોડવાની જાહેરાત કરવામાં આવી હતી. ઈન્દિરા સાગર ડેમમાંથી 2.21 લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. જે પાણી સરદાર સરોવર ડેમમાં પહોંચશે અને તેના કારણે ડેમની સપાટી વધી શકે છે. હાલ સરદાર સરોવર ડેમની સપાટી 135.38 મીટરે પહોંચી છે. સરદાર સરોવર ડેમની મહત્તમ સપાટી 138.68 મીટર છે અને હાલ ડેમની સપાટી 135.38 મીટરે પહોંચી છે જેથી ઉપરવાસમાં કેટલું પાણી છોડાય છે તેના પર તંત્રની નજર રહી છે. સરદાર સરોવર ડેમમાં સાંજે 6 કલાક સુધીમાં પાણીની આવક 57115.00 ક્યુસેક નોંધાઈ હતી. જ્યારે નર્મદા નદીમાં 94,970 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. નોંધનીય છે કે, સરદાર સરોવર ડેમના 10 દરવાજા સાંજે 6 કલાકેથી 1.45 સે.મી ખુલ્લા કરાયા હતા. સરદાર સરોવરની મહત્તમ સપાટી 138.68 મીટર છે અને હાલની સપાટી -135.35 મીટર છે. ડેમનું ગ્રોસ સ્ટોરેજ 8419.50 MCM છે .

'રેપનો કેસ તમારા પર લઈ લો, નહીં તો મારી નાંખીશ'

# કોર્ટ કેસની અદાવતમાં મિત્રનો પત્ની સાથે મળી મિત્ર પર કુહાડીથી હુમલો

**કુહાડીથી** હુમલો કરનાર દંપતિની હત્યાની કોશિશના કેસમાં ધરપકડ

સુરતઃ ઉમરા વિસ્તારમાં કોર્ટ કેસની રંજિશને કારણે એક દંપતી દ્વારા બે મિત્ર પર કુહાડી વડે જીવલેણ હુમલો કરાયો હોવાની ચકચાર મચી છે. કોર્ટમા કેમ હાજર નથી રહેતો તેમ કહેતા મિત્રએ સહ આરોપી મિત્ર પર હૂમલો કરીને ગંભીર રીતે ઇજા પહોંચાડી હતી. આ કેસમાં પોલીસે હુમલાખોર દંપતિની ધરપકડ કરી છે.

આ ઘટનાની મળતી માહિતી અનુસાર એક રેપ કેસના આરોપીઓ અંદર અંદર બાખડયા હતાં. જેમાં ધ્રૂવ નામનો આરોપી કોર્ટમાં હાજર રહ્યો ન હતો અને તેણે સહઆરોપી જયેશ ઉર્ફે જય હેમંતકુમાર શ્રીચંદ્ર બડોદેકર અને તેની પત્ની ગાયત્રીબેન બદોડેકર( બંને રહે,બંગ્લા નં.૧૮, નંદનવન સોસાયટી, જમનાનગર, ઘોડદોડ રોડ, ઉમરા)ને મુદત લેવા માટે કહ્યું હતું. દરમિયાન 1 સપ્ટેમ્બરે બપોરે ગાયત્રીબેનનો ફોન યોગેશ ઉપર આવ્યો હતો અને તેમણે ધ્રુવનો નંબર માગ્યો હતો. તેની સાથે થયેલી વાતચીત બાદ ધ્રુવ અને યોગેશ જયેશના જમનાનગર નંદનવન સોસાયટીના ઘર નં. 18 પર ગયા હતા.

દરમિયાન અચાનક જયેશ હાથમાં કુહાડી લઈને ઘરમાં આવ્યો અને મિત્ર ધ્રુવ પર હુમલો કરી દીધો. તેણે ધ્રુવને માથા અને જમણા હાથના બાવડાના ભાગે તાબડતોબ ઘા માર્યા, જેથી ધ્રુવ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો. આ દરમિયાન યોગેશ તેને બચાવવા આગળ વધ્યો ત્યારે જયેશે યોગેશ પર પણ કુહાડી વડે હુમલો કરી માથા, ખભા અને ડાબા પડખા પર ગંભીર ઘા માર્યા હતા.

હુમલા દરમિયાન ઝપાઝપી ચાલી રહી હતી ત્યારે જયેશે સ્પષ્ટ ધમકી આપી કે, રેપનો કેસ તમે તમારા ઉપર લઈ લો. નહિ તો જીવતા નહીં છોડી દઉં.'

આરોપીઓએ યોગેશને માથા, ડાબા પડખા અને ખભા પર ઈજાઓ થઈ છે, જ્યારે ધ્રુવને માથા તથા જમણા હાથના ભાગે ગંભીર ઘા પડ્યા છે. યોગેશ ઉર્ફે યોગીની ફરિયાદના આધારે ઉમરા પોલીસે આરોપી સામે હત્યાના પ્રયાસ સહિત ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કરી દંપતીને ઝડપી લીધા છે. પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

### ગલેમંડીમાં ચોરો...

આવેલો સામાન અને રોકડ રકમ લઈ ફરાર થઈ ગયા હતા. એક મંડપમાં તો ચોરી કરતી વખતે તસ્કરોએ ગણપતિની મૂર્તિ ખંડિત કરી નાંખી હતી. જેના કારણે ગણેશભક્તોમાં આક્રોશ ફેલાયો હતો. માત્ર 50મીટરના અંતરમાં આવેલા મંડપોમાંથી ચોરી કરનારા બે તસ્કરોને પોલીસે ઝડપી પાડ્યા હતાં.

ક્રાઈમબ્રાન્ચના ડીસીપી ભાવેશ રોજીયાએ જણાવ્યું હતું કે, આ ચોરીને અંજામ આપનાર આકાશ ઉર્ફે તાંબો ગોવિંદ દંતાણી અને સોહિલ સાંઈ દંતાણીને ઝડપી લેવામાં આવ્યા છે. આ બંને સિંગણપોર ગામની સહજાનંદ સોસાયટી પાસે ફૂટપાથ પર રહેતા હોવાનું બહાર આવ્યું છે. તસ્કરોની ધરપકડ સાથે જ ચોરીમાં ગયેલો મુદ્દામાલ પણ પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યો છે.

ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી ભાવેશ રોજીયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે ગલેમંડીના દારૂખાના રોડ તથા આજુબાજુના વિસ્તારોમાં આવેલા કુલ આઠ ગણેશ મંડપોમાં ચોરીની ઘટના બની હતી.તસ્કરો ચાંદીની મૂર્તિઓ, તાંબાના દીવા, પૂજા-અર્ચના માટે રાખવામાં આવેલા સામાન તેમજ રોકડ રકમ ચોરી લઈ ફરાર થઈ ગયા હતા.

એક મંડપમા ગણેશજીની નાની મૂર્તિ ખંડિત થઈ જતાં ભક્તોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. ચોરીની સમગ્ર ઘટના પંડાલોમાં લગાડેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. રાત્રે લગભગ બે વાગ્યા સુધી ભક્તો મંડપમાં હાજર હતા. ત્યારબાદ તસ્કરોએ ચોરીને અંજામ આપ્યો હતો.

### 12 વાગ્યે ફરજિયાત...

રાત્રે 12 વાગ્યે ફરજિયાત મંડપ બંધ કરાવી દે છે અને યુવાનોને પણ મંડપ પર બેસવા નથી દેતી. પરિણામે મંડપ એકલા પડી જતાં ચોરોને છૂટો દોર મળી જાય છે. આયોજકોનું કહેવું છે કે, અગાઉ મંડપો રાત્રે મોડાં સુધી ખુલ્લા રહેતાં અને લોકો જાગતા હોવાથી ચોરીના બનાવો બનતા ન હતા.

પરંતુ હાલ પોલીસની જ ફરજિયાત વ્યવસ્થાના કારણે આવા બનાવો વધી રહ્યા છે. હાથીફળિયા, ચોપારા અને રાણા શેરી જેવા વિસ્તારોમાંથી ચાંદી તથા પંચધાતુની પ્રતિમાઓ ચોરાઈ ગઈ હોવાના બનાવો સામે આવ્યા છે. આ ચોરીની શ્રેણી પછી ગણેશ ભક્તોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો અને અનેક આયોજકો ભેગા થઈ તંત્ર સામે ગુસ્સો વ્યક્ત કર્યો હતો.

### આ ઘટના માત્ર...

સમીક્ષા પણ કરવામાં આવી છે. આ બેઠક બાદ મંડપોમાં ભક્તોએ આરતી કરીને સૌહાર્દ અને શાંતિનો સંદેશ આપ્યો હતો. હાલમાં પોલીસે સમગ્ર બનાવની વધુ તપાસ હાથ ધરી છે.

### ફ્રોડ વિઝા...

યુરોપના અન્ય દેશોના કાઉન્સિલર અને સ્થાનિક સ્ટાફ સુધી તેની પહોંચ હોવાની શંકા છે. જેના પગલે હવે પોલીસ દેશ-વિદેશની એમ્બેસીઓ અને કાઉન્સિલરો સાથે પણ સંકલનમાં આવી રહી છે. બીજી તરફ ચકચારીત ફ્રોડ વિઝા પ્રકરણમાં ATSએ એન્ટ્રી કરી છે અને ભેજાબાજ પ્રતીક શાહની પૂછપરછ શરૂ કરી છે. એસઓજી અને ATSની ટીમ હવે સમગ્ર નેટવર્કની કડીઓ જોડીને વધુ આરોપીઓ સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે. આ મામલો હવે માત્ર એક ભેજાબાજની ધરપકડ પૂરતો નથી રહ્યો, પરંતુ આંતરરાષ્ટ્રીય વિઝા કૌભાંડ તરીકે તેનું સ્વરૂપ ઘેરી રહ્યું છે. ઉચ્ચ સ્તરે તપાસ ચાલુ છે અને આવતા દિવસોમાં વધુ ખુલાસાઓ થવાની પૂરી સંભાવના છે.

### ઉકાઈ ડેમ એલર્ટ...

ફૂટની નજીક પહોંચશે તો હાઈએલર્ટ જાહેર કરવાની શક્યતા રહેશે. વિતેલા ચોવીસ કલાકમાં ઉકાઈ ડેમના ઉપરવાસમાં છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદ પડ્યો છે. જેમાં ચીકલધરામાં 47 મીમી, લખપુરીમાં 22 મીમી, ગોપાલખેડામાં 10 મીમી, દેડતલાઈમાં 96 મીમી અને વાનખેડમાં 15 મીમી વરસાદ નોંધાયો છે. આ વરસાદના કારણે ડેમમાં પાણીની આવક નોંધાઈ રહી છે. આજે સાંજે ડેમમાં 1.11 લાખ ક્યુસેક પાણીની આવક નોંધાઈ હતી. તેની સામે 79 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ઉપરવાસના અન્ય ડેમોમાંથી પણ પાણી છોડવામાં આવી રહ્યું છે. હથનુરમાંથી 78 હજાર ક્યુસેક અને પ્રકાશા ડેમમાંથી 1.02 લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

### નકલી ટ્રાન્સજેન્ડરોને...

ફટકારવા માટે જણાવ્યુ હતુ. આ લોકો દારૂનો ધંધો કરે છે તથા આ લોકોએ કોઈ દિક્ષા લીધી નથી. અમને સોંપી દો જેથી અમે આ લોકોની શાન ઠેકાણે લાવી શકીએ દરમિયાન આ કિસ્સામાં પીઆઈએ સમજાવટથી કામ લઈને વ્યંઢળોને પરત મોકલ્યા હતા. આ બંને દિક્ષા લીધા વગરજ વ્યંઢળોનુ નામ ખરાબ કરી રહ્યા હોવાની ફરિયાદ પીઆઈ દેસાઈને કરી હતી. આ ઉપરાંત ગીગોલો સાઈટ પર પર આ લોકો દેહ વેપારનો ધંધો કરતા હોવાના આક્ષેપ વ્યંઢળો દ્વારા કરાયા હતા. દારૂની હેરાફેરી માટે આરોપીઓએ એક નવો અને અનોખો કીમિયો અપનાવ્યો છે. પોલીસની નજરથી બચવા માટે, દારૂની હેરાફેરી કરનારા બે વ્યક્તિઓએ ટ્રાન્સજેન્ડર એટલે કિન્નરનો વેશ ધારણ કર્યો હતો. તેઓ સજી-ધજીને દમણથી સુરત દારૂ લાવી રહ્યા હતા, જેથી કોઈને તેમના પર શંકા ન જાય. ત્યાં જ ઉધના પોલીસે દરોડો પાડી 4 લાખથી વધુનો મુદ્દામાલ અને બે નકલી ટ્રાન્સજેન્ડર સહિત 4 લોકોને ઝડપી પાડ્યા

### VNSGUમાં 75...

નેટ, જી-સેટ જેવી પરીક્ષાઓ પાસ કરેલા અને વર્ષોથી ખાનગી કોલેજોમાં અનુભવ ધરાવતા મોટી સંખ્યામાં ઉમેદવારોએ દાવેદારી કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ વર્ષ 2016 બાદ યુનિવર્સિટીમાં કોઈપણ પ્રકારની કાયમી ભરતી થઈ નથી. લાંબા ગાળાથી ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયા હવે શરૂ થતાં જ ઉમેદવારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો છે. 2 સપ્ટેમ્બર સુધી અરજી કરવાની છેલ્લી તારીખ હતી, જેના અંતે વહીવટી વિભાગ પાસે 75 બેઠકો સામે 2000થી વધુ અરજીઓ પહોંચી છે. સ્રોતો મુજબ ઉમેદવારોમાં મોટાભાગની અરજીઓ આસિસ્ટન્ટ પ્રોફેસર અને એસોસિએટ પ્રોફેસરની જગ્યાઓ માટે આવી છે. દરેક અરજદારોની શૈક્ષણિક લાયકાત, સંશોધનકાર્ય, રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય જર્નલમાં પ્રકાશિત પેપર તથા અનુભવ જેવા માપદંડોને આધારે મેરીટ લિસ્ટ તૈયાર કરવામાં આવશે. ત્યારબાદ માન્ય અને ગેરમાન્ય અરજીઓની યાદી જાહેર કરી ઈન્ટરવ્યુ લેવાશે.

### બે વર્ષના પુત્ર...

માહોલ પળવારમાં માતમમાં ફેરવાઈ ગયો હતો. આ દુર્ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો દોડી આવ્યા હતા. તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને બોલાવતા પૂજા તથા ક્રિશિવને સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં ડોક્ટરોએ તેમની તપાસી બંનેને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી છે. 13મા માળેથી પડવાનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી.

પોલીસે બિલ્ડિંગના સીસીટીવી ફૂટેજ તપાસવાનું શરૂ કર્યું અને આસપાસના લોકોના નિવેદનો લેવાની પ્રક્રિયા હાથ ધરી છે. કેટલાક રહેવાસીઓનું માનવું હતું કે આ એક દુર્ઘટના હોઈ શકે, જ્યારે અન્ય લોકો અન્ય કોઈ કારણની શક્યતા પર વિચાર કરી રહ્યા હતા. પોલીસે આ ઘટનાને ગંભીરતાથી લઈને તમામ પાસાઓની તપાસ હાથ ધરી છે. હાલ તો પત્ની અને એકના એક પુત્રના મોતને પગલે વિલેષકુમાર અને તેમના પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે.

# મુંબઈનો ઠગ અડાજણના વેપારીના રૂ.૩.૬૯ કરોડના હીરા હડપ કરી ગયો

**હીરાના** બાકી પેમેન્ટ માટે આરોપીએ વેપારીને હોટલમાં મળવા બોલાવી પોલીસનો ડર બતાવ્યો

સુરતઃ અડાજણના હીરા વેપારી સાથે મુંબઈ વેસ્ટ ભાયંદરના ઠગ વેપારી તેજસ સરવૈયાએ રૂ.૩.૬૯ કરોડના હીરા હડપ કર્યાનો બનાવ પ્રકાશમાં આવ્યો હતો.

અડાજણના પ્રયાગરાજમાં રહેતા અને 'આદીનાથ એક્સપોર્ટ' નામની ભાગીદારી પેઢીના સંચાલક હિરેનકુમાર મનુભાઈ શાહ (ઉં.વ.૪૬) એ મુંબઈ ભાયંદર (વેસ્ટ)માં ચામુંડા એન્ટરપ્રાઈઝ નામથી હીરા વેપારી કરતા તેજસ દિનેશભાઈ સરવૈયા વિરુદ્ધ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ હિરેન મહેન્દ્રપુરાની પીપળિયા શેરીમાં ચાલતી આદીનાથ એક્ષપોર્ટ ભાગીદારી પેઢીમાં હિરેન, તેની પત્ની વૈશાલી શાહ તથા નેહા અંકિત શાહ ભાગીદાર છે. વૈશાલી શાહ તથા નેહા શાહ પેઢીમાં સ્લિપિંગ પાર્ટનર છે. નેહા શાહ વતી તેમના પતિ અંકિત શાહ વહીવટ કરે છે. મુંબઈના તેજસ સરવૈયા સુરતના કોઈ સારા વેપારી પાસેથી હીરાની ખરીદી કરવા સારા હીરા વેપારીની શોધખોળમાં હતા. જેથી એપ્રિલ-૨૦૨૪માં દલાલ પારસ મહેતા અને મિત્ર હાર્દિક ગાંધીના માધ્યમથી હિરેનકુમાર અને તેજસ વચ્ચે મુલાકાત થઈ હતી. તેણે તેમની પાસેથી જ્વેલરી બનાવવા માટે પોલિશ્ડ હીરા ખરીદવાનું શરૂ કર્યું અને ૪ એપ્રિલથી ૩૧ મે-૨૦૨૪ સુધીમાં કુલ ૪૮૧૨.૪૧ કેરેટ હીરા સુરતથી મુંબઈ આંગડિયા મારફતે મંગાવ્યા હતા. આમાંથી ૪૦૯.૩૧ કેરેટ હીરા રિજેક્શન તરીકે પરત કર્યા હતા. જ્યારે ૧૧.૦૫ કરોડના હીરાના ૭.૩૫ કરોડ રૂપિયા રોકડ અને RTGS મારફતે ચૂકવ્યા હતા, પરંતુ બાકીના ૩.૬૯ કરોડ રૂપિયા ચૂકવવાને બદલે હાથ ઊંચા કરી દીધા હતાં. ૨૭ જૂન-૨૦૨૪ના મુંબઈ બોલાવી હિરેન વિરુદ્ધ સ્થાનિક પોલીસમાં ધમકીની એન.સી. ફરિયાદ નોંધાવી હતી.